EDII

Navgujarat Samay

April 02, 2021
Page No. 04

# દિવ્યાંગજનોમાં ઉદ્યોગસાહસિકતા વિકાસ, કૌશલ્ય નિર્માણ અર્થે પરિસંવાદ

## 'દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર'માં 24 હજાર દિવ્યાંગજનોને સક્ષમ બનાવાશે

**નવગુજરાત સમય** > અમદાવાદ

આન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા,અમદાવાદ ખાતે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના સમાજ સુરક્ષા ખાતા તથા ગુજરાત રાજ્ય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમ દ્વારા 'દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર'ની શરૂઆત કરવામાં આવી છે. દિવ્યાંગજનોને તેની આત્મનિર્ભરતા, સ્વાયત્તતા, સહભાગિતા અને સન્માન માટે આર્થિક સશક્તિકરણ દ્વારા સમાજના મૂળપ્રવાહમાં લાવવા આ કેન્દ્ર સતત પ્રયત્નશીલ રહેશે.

કેન્દ્રના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન 24000 દિવ્યાંગજનોને સક્ષમ બનાવવામાં આવશે. તેના ભાગ રૂપે બુધવારે રાજ્યમાં દિવ્યાંગજનોના સંશક્તિકરણમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, સફળ દિવ્યાંગ ઉદ્યોગસાહસિકો સાથે વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો.

'સેનિટરી નેપકીન્સ'નું સ્થાનિક કક્ષાએ ઉત્પાદન કરતા હર્ષિદાબેન પ્રજાપતિએ જણાવ્યું કે મોટી કંપનીઓ સામે સ્પર્ધા કરતાં ખૂબ મુશ્કેલી પડી. પરંતુ ગુણવત્તાને વળગી રહીને સારી ગુણવત્તાવાળા સેનિટરી નેપકીન્સ પૂરા પાડતાં અમારા ઔદ્યોગિક સાહસને બજારમાં સ્વીકારવામાં આવ્યું. ગાંધીનગર સ્થિત બિલ્ડર મેહુલભાઈ દોશીને તેમના ભણતરમાં સિવિલ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવતાં અને તેમના એડમિશનમાં અવરોધો હોવા છતાં સઘન પ્રયત્નો કરવા પડ્યા. તેમ છતાં તેઓએ પદવી હાંસલ કરી એટલું જ નહીં આવનારી ભાવિ પેઢી માટે પ્રવેશને સરળ બનાવી દીધો.

કવિતાબેન મોદી, જેઓ 100 ટકા દિવ્યાંગ છે પણ બે કંપનીના માલિક છે કવિતા કોર્પોરેશન તથા કવિતા પ્લાસ્ટિક્સ. આજે તેમની કંપનીમાં 22 જરૂરિયાતમંદ લોકોને રોજગારી આપી છે.

સુપર સર્જીકલ પ્રોડક્ટમાં રોકાયેલા માણસા તાલુકાના રાજુભાઈ પટેલની ફેક્ટરીમાં 145 લોકોને રોજી મળે છે તથા તેમનું ટર્નઓવર 125 લાખનું છે.

આ તમામ ઉદ્યોગસાહસિકોએ દિવ્યાંગ વિદ્યાર્થી ભાઈઓ બહેનો સાથે તેમના અનુભવોની ઝાંખી આપી હતી તથા કેન્દ્ર તથા ગુજરાત સરકાર દિવ્યાંગજનો માટે કયા પ્રકારની લાભદાયી યોજનાઓ ઘડવી જોઈએ તેના સૂચનો આપ્યા હતા.